

# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૮/૦૧/૨૦૨૪ થી તા.૧૪/૦૧/૨૦૨૪ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in


**મેષ (અ.લ.ઇ.):** ચાલુ વીકમાં તમારી સૂઝબૂઝ અને ધીરજના કારણે આત્મવિશ્વાસપૂર્વક કાર્ય પાર પાડશો તેમજ સમસ્યામાંથી નવી તક ઊભી કરશો. આરોગ્યનું ધ્યાન ખાસ રાખવું. નવું શીખવાની લગન નોકરી-ધંધામાં નવી તક પૂરી પાડશે. આવકમાં વધારો થાય તેવાં નવાં કામ મળે. વિદેશ પ્રવાસનાં કામ થાય. ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન અને સમાજજીવન બાબતે માર્ગદર્શન મળશે.


**વૃષભ (બ.વ.ઉ.):** ચાલુ વીકમાં તમારા નવા વિચારો પરિવારમાં નવા વિકલ્પો ઊભા કરશે. નોકરી-ધંધા વ્યવસાય માટે સારી યોજના બને. વડીલોની મદદ વારસાનાં કામમાં મળે. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે. નવાં ઘર વાહન મકાનનાં કામ થાય. પ્રેમમાં ગેરસમજ પેદા થઇ શકે છે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ પાર પડે. દાંપત્ય રંગીન રસિક બને.



**મિથુનિ (ક.છ.ઘ):** સપ્તાહની શરૂઆત અનુકૂળતાયુકત થાય. યોજના પ્રમાણે નોકરીમાં નવી તક ઊભી થાય. શત્રુઓ કાવતરાં બનાવે, પણ નિષ્ફળ જાય. માતા-પિતા અને વડીલોની મદદ મળવાથી આર્થિક અને સામાજિક ચિંતા હળવી થાય. ઉમરલાયકના વિવાહની વાતમાં પ્રગતિ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય.


**કર્ક (ડ.હ.):** ચાલુ વીકમાં મોજ-શોખ, હીરા ઝવેરાત, પ્રવાસ, ગારમેન્ટ, શિક્ષણ, શેર બજાર વગેરેને લગતાં કામમાં અચાનક સફળતા મળે. પ્રેમમાં અનુકૂળતા થાય. વિદ્યાર્થીઓનાં કામ થાય. નોકરીમાં નવી જવાબદારી વધવાથી પ્રતિષ્ઠા વધે છે. દાંપત્યજીવનમાં અસંતોષ પેદા થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ખર્ચા વધે.


**સિંહ (મ.ટ.):** સપ્તાહ દરમિયાન પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ પેદા થાય. ઘરમાં નવા મહેમાન આવવાથી ખુશી વધશે. સમાજમાં માન મળે. વારસાનાં કામ થાય.શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. સંતાન બાબતે પ્લાનિંગ થાય. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. સરકારી નોકરીના ચાન્સ વધશે. લેવડદેવડમાં સાવધાની રાખવી.


**કન્યા (પ.ઠ.ણ.):** ચાલુ વીકમાં સંભવિત પડકારને સફળતાપૂર્વક પાર કરીને પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં સફળ રહેશો. આત્મવિશ્વાસ અને કુનેહપૂર્વક કાર્યની કદર થાય. ભાઈ-બહેન-મિત્રોને મદદરૂપ થશો. પ્રવાસમાં ધ્યાન રાખવું. ઘર, જમીન બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમ પ્રકરણો વિવાહ સુધી સફર કરી શકે છે.



**તુલા (ર.ત.):** ચાલુ વીકમાં અટકેલાં નાણાં આવી શકે છે. ખાણી-પીણીના ધંધામાં ભાગ્યનો સાથ મળશે. બુદ્ધિશક્તિ, વ્યવહારકુશળતા અને હાજરજવાબીપણું આવકનાં નવાં સાધનો ઊભાં કરવામાં મદદરૂપ થશે. પરિવારમાં નવા સભ્યોનો ઉમેરો થઇ શકે છે. ઉત્સાહજનક સમાચાર મળશે. મનપસંદ જગ્યાએ પ્રવાસ થાય. વારસાનાં કામ થાય. પ્રેમપ્રકરણો પરેશાન કરશે. શેર બજારમાં લાભ થાય.


**વૃશ્ચિક (ન.ય.):** સપ્તાહ દરમિયાન તમારા હટકે વિચારો પ્રભાવ વધારશે. અચાનક તક માટે તૈયાર રહેવું. પોતાની ક્ષમતા બતાવવાનો મોકો મળશે. રંગીન અને રસિક મુલાકાત થાય. આવકમાં વધારો કરવાના રસ્તા ખૂલશે. પરિવારમાં તાલમેળ રહે.અચાનક મહત્ત્વપૂર્ણ જવાબદારી આવી પડશે. બહારના કામમાં દોડધામ વધશે. વડીલોનો સાથ ઉપયોગી રહે.


**ધન (ભ.ધ.ફ.ઢ.):** ચાલુ વીકમાં અંગત જીવન રસિક અને રોમેન્ટીક બનશે. વધુ પડતા ખર્ચાળ બનશો. ગુપ્ત રોગોનો ભય રહેશે. કોઇની વાતોમાં આવવું ભારે પડશે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. નોકરીમાં નવી તક મળે. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય. સમાજજીવનમાં યશ મળે. નોકરી-ધંધા તથા નવા વ્યવસાયમાં અચાનક તક મળે. આર્થિક લાભ થાય.


**મકર (ખ.જ.):** ચાલુ વીકમાં મિત્રોની મદદથી કુટુંબી કે સામાજિક સમસ્યાનું સમાધાન થાય. પ્રેમમાં સફળતા મળે. વિદ્યાર્થીઓને તક મળે. આર્થિક લાભ થાય. દેવું ઓછું થઇ શકે છે. શેર બજારમાં તક મળે. વિદેશનાં કામ પાર પડે. આંખ-દાંત સહિત આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડશે. જાહેર અને સમાજજીવનમાં અશાંતિ વધશે.


**કુંભ (ગ.સ.શ.ષ.):** સપ્તાહ દરમિયાન પોતાની જાતને સમજવાથી કાર્ય સરળતાથી પાર પડે અને નવા સુધારાવધારા કરવાનો મોકો મળશે. નવા ધંધા-વ્યવસાયનું આયોજન પાર પડે. વડીલોનો સાથ સંપત્તિ બાબતે મળે. મહત્ત્વના કરાર કે સોદા પાર પડશે. મોજ-શોખના ધંધામાં સફળતા મળે. પ્રેમમાં વધુ પડતા વિલાસી બનવાથી ગેરસમજ પેદા થાય. ધીરજ રાખવી.


**મીન (દ.ચ.ઝ.થ.):** સપ્તાહ અચાનક સફળતા આપનાર છે. વિદેશનાં કામ થાય. પોતાની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવાની તક મળે. પ્રમોશન મળે. સરકારી નોકરીની શકયતા વધશે. નવા ધંધાની શરૂઆત થાય. પિતા સાથે ઘર્ષણ થાય. પ્રેમમાં સફળતા મળે. શેર બજારનાં કામ પાર પડશે.

## લગ્ન રાશિ અને ચંદ્ર રાશિનો ભેદ

જયોતિષશાસ્ત્રમાં લગ્ન કુંડલીનું ઘણું મહત્ત્વ છે. ઘણાં લોકો ફળકથન કરતાં મૂંઝવણ અનુભવે છે કે લગ્ન પ્રમાણે કે ચંદ્ર લગ્ન પ્રમાણે ફળકથન કરવું? રોજ આ મોટા ફોન આવતા હોય છે તેમજ રૂબરૂમાં પણ લોકોની આ જ મૂંઝવણ વ્યક્ત થતી હોય છે!આજે આપણે લગ્ન કુંડલી અને રાશિ કુંડલી શું છે, તે સમજવાની કોશિશ કરીએ અને 2024નું વર્ષ લગ્ન પ્રમાણે કેવું રહેશે તે જોઈએ. જયોતિષમાં રસ રાખનાર અને જયોતિષમાં ઓછી જાણકારીવાળાં લોકોને લગ્નરાશિની જાણકારી હોતી નથી કે પછી ઓછી હોય છે. જેના કારણે ચંદ્ર રાશિ અને લગ્ન રાશિ બાબતે ભ્રમિત રહેતા હોય છે. જન્મકુંડલીના પ્રથમ ભાવ કે સ્થાનને લગ્ન કહેવામાં આવે છે. જયોતિષશાસ્ત્રી ભાષામાં લગ્ન કુંડલીએ કુંડલીનો મુખ્ય આધાર છે. લગ્નકુંડલી કે પ્રથમ ભાવસ્થાન જે તે જાતકનું ભૌતિક સ્વરૂપ છે જે હયાતી કે જાતકના શરીરનું પ્રતિનિધિત્વ કરે છે. તેમ જ જે તે જાતકનો દેખાવ કેવો છે અથવા આપણે બીજાં લોકો કેવાં છે તે જોઈ શકીએ છીએ. જાતકના શરીરનો બાંધો, કદ, દેખાવ, પગથી લઇને ચોટી સુધીનું બાહ્ય સ્વરૂપ કેવું દેખાય છે તે લગ્ન કુંડલી પરથી જાણી શકાય છે. ટૂંકમાં શરીર કે જાતકનું બાહ્ય કે ભૌતિક સ્વરૂપ એટલે લગ્ન કુંડલી જયારે ચંદ્ર કુંડલી એટલે આપણું ભીતરી કે આંતરિક સ્વરૂપ છે. જે જોઈ શકાતું નથી. લગ્ન કુંડલી એ તન-શરીર છે જયારે ચંદ્ર કુંડલી કે રાશિએ મન છે. જે લાગણી-ભાવના વગેરે જે શરીરની અંદર હોય છે, જે નજરે આવતું નથી અથવા અન્ય કોઇ જોઇ શકતું નથી. ફકત વ્યક્ત કરી શકાય પણ જોઈ ન શકાય તે દર્શાવતી કુંડલી એટલે ચંદ્ર રાશિ. આપણે આપણી આજુ-બાજુ એવાં હજારો લોકોને જોઇએ છીએ અથવા સંપર્કમાં હોઇએ છીએ કે જેઓ ઘણું બધું મેળવે છે! આર્થિક, સામાજિક વગેરે બાબતે ઘણી જ સારી સ્થિતિ હોય છે. ટૂંકમાં તેમની પાસે બધું જ છે છતાં તેઓ સુખ-શાંતિથી કે પછી સુખ સંતોષથી જીવી શકતાં નથી. તેમની પાસે સંસારી અને સામાજિક તથા કૌટુંબિક સુખની કોઇ કમી હોતી નથી અને જે છે તેનો આનંદ લઇ શકતા નથી પણ અંસતોષ અને નિરાશામાં રહે છે. સુખનો આનંદ લેવામાં અસફળ રહે છે ત્યારે નવાઈ લાગતી હોય છે. પણ જયોતિષશાસ્ત્ર પાસે તેનો જવાબ છે અને તે લગ્ન કુંડલીની સ્થિતિ પરથી જોઈ શકાય છે. લગ્નકુંડલીમાં સ્થિત ગ્રહો અને બનતા યોગોના કારણે તેમની પાસે સુખ-સગવડનાં સાધનો છે. લગ્ન કુંડલીના સારા યોગોના કારણે તેઓ ઘણું બધું મેળવી શકે છે. જે ભૌતિક સુખ કહેવાય પણ તેનો આનંદ તો મનની સ્થિતિ કે સ્થિરતાથી જ લઇ શકાય. જો ચંદ્રકુંડલી પીડિત હોય તો જાતક કોઇ પણ ભૌતિક સુખનો આનંદ લઇ શકતો નથી. જો ચંદ્રકુંડલી અનુકૂળ ન હોય તો સુખનો આનંદ લઇ શકાતો નથી. ભૌતિક સુખ અને માનસિક સુખ અને તેનો આનંદ લઇ શકાશે કે કેમ? ભૌતિક સુખ-સાધનો લગ્નકુંડલીની સ્થિતિ બતાવે છે જયારે ઓછું હોવા છતાં આનંદમય જીવન જીવવાની સ્થિતિ ચંદ્રરાશી બતાવે છે. આપણે આપણી આજુબાજુ એવાં ઘણાં લોકોને જોઇએ છીએ કે તેમની સ્થિતિ સામાન્ય કે સરેરાશ છે છતાં વૈભવથી જીવે છે જે તેનો ભરપૂર આનંદ લઇને મોજથી જીવતાં લોકોની કુંડલીમાં ચંદ્રકુંડલીની સ્થતિ ઘણી સારી કે શુભ હોય છે. ચંદ્ર કુંડલી પ્રમાણે ગ્રહયોગ શુભ બનતા હોય તો જ આનંદમય જીવન જીવી શકાય. ચંદ્રની શુભ સ્થિતિ અને લગ્નકુંડલીની શુભ સ્થિતિમાં જીવન જીવવાની રીતરસમ છુપાયેલી છે. લગ્ન કુંડલીમાં ગ્રહયોગ સારા ન હોય તો ભૌતિક સુખનો અભાવ જોવા મળે છે અથવા સરેરાશ હોય છે જયારે ચંદ્રકુંડલીની સ્થિતિ માણસની માનસિકતા છે માટે તે સુખ અને દુઃખનો અનુભવ કરી શકે છે. જાતકના જીવનમાં બનનાર ઘટનાઓ કે ભવિષ્ય માટે બંને કુંડલીઓ પરથી જાતકની સ્થિતિનો ખ્યાલ આવે છે. 2024માં મેષ રાશિના જાતકોએ વિષ્ણુ સહસ્ત્રનો પાઠ, હનુમાનજીની ઉપાસના તમારા માટે સરળતા પૂરી પાડનાર છે. વૃષભ રાશિવાળાએ વર્ષ દરમિયાન લક્ષ્મીજીની ઉપાસના કરવી. ખાસ શુક્રવારે ઉપરાંત રોજ પૌષ્ટિક ખોરાકનું સેવન કરવું અને સુંદર વસ્ત્રોથી સજીને રહેવું. મિથુન રાશીવાળાએ વર્ષ દરમ્યાન ગાય માતાની સેવા કરતા રહેવું અને બાળકોને મદદ કરતા રહેવું. કર્ક રાશિ વાળાએ વર્ષ દરમિયાન ભગવાન શિવને દૂધનો અભિષેક કરતાં રહેવું તેમ જ પાણી અને ખાવાપીવાની વસ્તુનો બગાડ કરવો નહીં. સિંહ રાશિવાળાએ વર્ષ દરમ્યાન જીવનસાથી સાથે સારો અને સુમેળભર્યો વ્યવહાર કરવો. ઉપરાંત વડીલોનું માન રાખવું. કન્યા રાશિવાળાઓએ વર્ષ રમિયાન જો તમારું લગ્ન મિથુન કે કન્યા હોય તો આ વર્ષે તમારે બુધનો નંગ ખાસ ધારણ કરવો અને વિષ્ણુ સહસ્ત્ર નામ કરવો. તુલાવાળા વર્ષ દરમિયાન દર શુક્રવારે માતા-લક્ષ્મીજીની પૂજા કરવી. શુક્ર મંત્ર કરવા અને બેડરૂમમાં ગુલાબી ચાદર કે બારીના પડદા રાખવા. વૃશ્ચિક રાશિવાળાએ વર્ષ દરમિયાન પોતાના ઇષ્ટદેવ, હનુમાનજી અને કાર્તિકેયની પૂજા પાઠ કરવા.ધનવાળાએ વર્ષ દરમિયાન ગુરુવારે પીળા રંગના ફૂલથી ભગવાન વિષ્ણુની પૂજા કરી અને કેસરનો ચાંદલો કરવો. મકર રાશિ ઘર ઓફિસ શરીરને સાફ રાખવું અને વ્યસનથી દૂર રહેવું. હનુમાનજી કુંભ રાશિએ સામાન્ય વર્ગના કે મજૂર તેમજ હાથ નીચે કામ કરનાર કર્મચારી વગેરેને ખુશ રાખવા. મીન રાશિએ વર્ષ વડીલોની સેવા કરવી. જો મીન કે ધન લગ્ન હોય તો ગુરુનો નંગ આ વર્ષે ધારણ કરવાં.

# ઇલોન મસ્કના ટેસ્લા ગ્રુપની આજુબાજુ હજુયે રહસ્યના તાણાવાણા - જમીન માફિયાઓ માથુ ખંજવાળી રહયા છે



વાઈબ્રન્ટ સમિટ હવે તા.10મી જાન્યુ.એ શરૂ થઈ રહયુ છે, PM નરેન્દ્ર મોદી તેનું ઉદઘાટન કરનાર છે. જો કે આ બધી તૈયારીઓ વચ્ચે અમેરિકી ઉદ્યોગપતિ ઇલોન મસ્કનું ટેસ્લા ગ્રુપ ગુજરાતમાં રોકાણ કરવા આવશે કે નહીં તે મુદ્દે હજુયે રહસ્ય યથાવત રહયુ છે. એક બાબત એ છે કે જમીન માફિયાઓ આ તક ઝડપી લેવા ટાંપીને બેઠા છે. જો જાહેરાત થઈ જાય તો ટપોટપ જમીનો ખરીદીને તેની આજુબાજુ જમીનોના ચિઠ્ઠા કરી લેવાની આ ભૂ માફિયાઓની તૈયારીઓ છે. જો કે સરકાર દ્વારા કોઈ નક્કર જાહેરાત નહીં કરવામાં આવતા,ભૂ માફિયાઓ કયાંય પણ રોકાણ કરવા ખચકાઈ રહયા છે. અલબત્ત, રાજયના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે એટલુ જરૂરથી કહયુ છે કે , ઇલોન મસ્કના ટેસ્લા ગ્રુપનો મુદ્દો એટલે કે રોકાણની બાબત પાઈપલાઈનમાં છે, એટલે જમીન માફિયાઓ માટે હજુયે ચિત્ર સ્પષ્ટ નહીં છતાં તેઓ માથુ ખંજવાળી રહયા છે.

### ગુજરાતની કપાયેલી પતંગ , હવે પાકિસ્તાનીઓ લૂંટશે



આ વખતે રાજય સરકાર દ્વારા ભારત પાક સરહદે આવેલા બનાસકાંઠાના નડાબેટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાનાર છે, એટલે પતંગબાજો જે પતંગ અડાવશે, તે કદાચ કપાઈને પાકિસ્તાનની અંદર પડશે.આ વખતે ભારત-પાકિસ્તાન બોર્ડર દેશ અને વિદેશના પતંગબાજો આકાશી યુદ્ધ કરશે, અને તે દ્રશ્યો પાકિસ્તાન જોતું જ રહી જશે. આ વખતે રાજય સરકારે અમદાવાદ રીવરફ્રન્ટ ઉપરાંત કચ્છના ધોરડો , મહેસાણાના વડનગર , એકતાનગર એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી,સુરત , રાજકોટ,વડોદરા ખાતે પણ પતંગ મહોત્સવ યોજાનાર છે. બનાસકાંઠાનું નડાબેટ પાકિસ્તાન બોર્ડર પર આવેલું છે. નડાબેટનો વિકાસ કરવામાં આવ્યો ત્યારબાદ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જો કે પહેલા આવું નહોતું. નડાબેટ અંતરિયાળ વિસ્તાર હોવાથી કોઇ ત્યાં જતું પણ નહતું. જો કે હવે જ્યારે કાઈટ ફેસ્ટિવલ યોજાવા જઈ રહ્યો છે તેના કારણે દેશ વિદેશના સહેલાણીઓનું તે એક આકર્ષણનું કેન્દ્ર બનશે. સાથે જ આગામી સમયમાં પર્યટન પણ ત્યાં વધશે.




### અયોધ્યામાં 22મી જાન્યુ. એ રામ લલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભાજપને ફળી જશે?



આગામી તા.22મી જાન્યુ.ના રોજ અયોધ્યા ખાતે રામ લલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે, ત્યારે આખા ગુજરાતમાં જાણે કે દિવાળી જેવો માહોલ બની રહયો છે. રાજયના તમામ મહાનગરો , નગરો તથા ગામે ગામ તેની ઉજવણીની તૈયારી ચાલી રહી છે. જેમ ભગવાન શ્રી રામ લંકામાં રાવણનો વધ કરીને સીતાજી સાથે અયોધ્યા પરત આવ્યા ત્યારે જેવો માહોલ હતો , તેવો જ માહોલ ગુજરાતમાં બની રહયો છે. બીજી બાજુ ભાજપની નેતાગીરી પણ તેની સાથે જોડાયેલી છે. સામે લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપને આ રામ મહોત્સવ ફળી જાય તેવી નેતાગીરીને આશા છે.રાત્રે દિવડા પ્રગટાવવા તથા રોશની કરવી મહાઆરતી કરવી , ફટાકડા ફોડવા અને રામધૂન કરવી તેવા કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. બીજી તરફ કોંગ્રેસની નેતાગીરી ભારત જોડો ન્યાય યાત્રાની તૈયારીમાં વ્યસ્ત છે.

### હજુયે અમેરિકા જવું એ સ્વર્ગમાં જવા બરાબર કહેવાય છે



તાજેતરમાં જ ફ્રાન્સ નજીક એરપોર્ટ પર અમેરિકા જતી એક ફલાઈટને અટકાવી દેવાઈ હતી. જેમાં ગેરકાયદે અમેરિકા ઘુસવાના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. ખાસ કરીને આ ફલાઈટમાં 66 પ્રવાસીઓ ગુજરાતીઓ હતા. તેઓ પરત તો આવી ગયા છે. આ બધાંજ 66 પ્રવાસીઓ ગેરકાયદે અમેરિકા ઘુસવાના હતા , હજુયે કેટલાંક લોકો અમેરિકાને ધરતી પરનું સ્વર્ગ માની રહયા છે. કેટલાયે લોકો પોતાની જમીન વેચીને કે , તેને ગીરવે મૂકીને સવા કરોડ કે દોઢ કરોડની અરેન્જમેન્ટ કરીને અમેરિકા નાસી જવાની ફિરાકમાં છે. આ તમામ 66 પ્રવાસીઓ મહેસાણા, ગાંધીનગર , આણંદ , અમદાવાદના પ્રવાસીઓ હતા. આ સમગ્ર ડંકી ફલાઈડના કિસ્સામાં 15 જેટલા વીઝા એજન્ટોના નામો બહાર આવ્યા છે. દુબઈ સુધીની ફલાઈટનો બધો ખર્ચો પણ આ વીઝા એજન્ટોઓ ઉપાડયો હતો. જયારે તેઓ નીકારાગુઆથી અમેરિકામાં ઘુસવાનો પ્રયાસ કરનાર હતા.

### UAEના પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અને PM મોદીનો અમદાવાદમાં સંયુક્ત રોડ શો ભાજપને લાભ કરાવશે?

વાઈબ્રન્ટ સમિટ પહેલા 9 જાન્યુઆરીએ UAEના પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન અને PM નરેન્દ્ર મોદીનો અમદાવાદ એરપોર્ટથી સાબરમતી આશ્રમ સુધી સાત કિલોમીટર લાંબો રોડ શો યોજાશે. UAEના રાષ્ટ્રપતિ પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ 9 જાન્યુઆરીએ ગુજરાતના અમદાવાદ પહોંચશે. PM મોદીના UAEના રાષ્ટ્રપતિ સાથે ઘણા સારા સંબંધો છે. અમદાવાદમાં પ્રધાનમંત્રી મોદી આ અગાઉ વિશ્વના ઘણા દેશના રાષ્ટ્રધ્યક્ષો સાથે રોડ કરી ચુક્યા છે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, જાપાનના તત્કાલિન પ્રધાનમંત્રી શિન્જો આંબે, ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનો સમાવેશ થાય છે. જો કે આ વખતે લોકસભાની ચૂંટણી પહેલા PM નરેન્દ્ર મોદીનો આ રોડ શો તેમને વધુને વધુ મુસ્લિમ મતો આકર્ષવા મદદરૂપ નીવડશે કે કેમ ? તે મુદ્દે ચર્ચા ચાલી રહી છે. રાજકિય પંડિતો કહી રહયા છે કે , PM મોદીને પોતાની એક તટસ્થ રાજકારણી તરીકે છાપ ઉપસાવવામાં મદદરૂપ નીવડશે.

### ગુજરાત પોલીસમાં હવે બઢતીની મોસમ આવશે



નવા 2024ના વર્ષમાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓને ખુશીના સમાચાર મળી શકે છે ગુજરાતના પોલીસ તંત્રમાં હવે ગમે ત્યારે બઢતીની મોસમ ખીલશે. સચિવાલયના ગલિયારાઓમાં ચાલતી ચર્ચા મુજબ , રાજ્યના 18થી પણ વધુ ઉચ્ચ પોલીસ અધિકારીઓને પ્રમોશન મળશે તેવા અહેવાલો સામે આવી રહ્યા છે.ગુજરાત પોલીસ તંત્રમાં બઢતી અને બદલીની લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત પોલીસ તંત્રમાં હવે ગમે ત્યારે બઢતીનો દોર શરુ થશે. રાજ્યના 18થી પણ વધુ ઉચ્ચ પોલીસ અધિકારીઓને પ્રમોશન મળશે તેવી વિગતો સામે આવી છે.પ્રાપ્ત જાણકારી મુજબ અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ.મલિક સહિત ચાર એડિશનલ DGને હવે DG તરીકે પ્રમોશન મળશે. આ સાથે મનોજ અગ્રવાલ, કે.એલ.એન.રાવ અને હસમુખ પટેલને પણ DGમાં બઢતી મળી શકે છે. રાજયના પાંચ IG પણ એડિશનલ DG બની શકે છે જેમાં બ્રિજેશ ઝા, અજય કુમાર ચૌધરી, વબાંગ જમીર, અભય ચુડાસમા અને સુભાષ ત્રિવેદીને રાજ્ય સરકાર એડિશનલ DGના પ્રમોશન આપી શકે છે.રાજયના 10 DIGને પણ IG તરીકે પ્રમોશન મળી શકે છે. પરંતુ હાલ પ્રમોશન આપી તમામ અધિકારીઓને મૂળ જગ્યાએ યથાવત રખાશે તેવું જાણવા મળી રહ્યું છે.સુરત CP અજય તોમર 31 જાન્યુઆરીના રોજ નિવૃત્ત થાય ત્યારબાદ પોલીસ તંત્રમાં ફેરફારો આવી શકે છે આ સાથે 10 થી પણ વધુ SPને પણ પાછળથી બઢતી આપવામાં આવશે તેવી વિગતો સામે આવી છે.

### અયોધ્યામાં ગુજરાતનો ડંકો - અમૂલ્ય ભેટ આપશે

અયોધ્યામાં રામ લલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવલમાં ગુજરાત તરફથી અમૂલ્ય બેટ મોકલવામાં આવી રહી છે. તેમાં ખાસ કરીને અયોધ્યા રામ મંદિરની ડિઝાઇન ગુજરાતના આર્કિટેક્ટે બનાવી છે, તેમજ રામ મંદિર માટે ગુજરાતના અલગ-અલગ જગ્યાએથી ધ્વજ દંડ, ઢોલ નગારા, 1100 કિલોનો દીવો, 13 ગજની ધજા સૌથી મોટી અગરબત્તી, જેવી ચીજવસ્તુઓ અયોધ્યા પહોંચી રહી છે.રામ મંદિર માટે અમદાવાદમાં આવેલા ગોતાની એક ફેક્ટરીમાં 7 ધ્વજદંડ બનાવવામાં આવ્યા છે. એમાં જે મુખ્ય ધ્વજદંડ જે 161 ફુટ ઉંચા શિખર પર લાગવવાનો છે તે 5 હજાર 500 કિલોનો છે અને બાકીના 6 ધ્વજદંડ દરેક 800 કિલોના છે. આ ધ્વજદંડ તાંબુ અને કસબ મિશ્ર કરીને બનાવવામાં આવ્યા છે. તેમજ તેની લંબાઈ 44 ફૂટ છે. મહત્વનું છે કે, છેલ્લા 81 વર્ષમાં આટલો મોટો ધ્વજદંડ ક્યારેય તૈયાર થયો નથી. સાથે જ મંદિરના દરવાજા માટે પિત્તળના ખાસ હાર્ડવેર પણ તૈયાર કરવામાં આવ્યા છે.મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગ માટે અમદાવાદમાં ખાસ નગારું પણ તૈયાર કરવામા આવ્યું છે. જેનું વજન 500 કિલોગ્રામ છે અને તેની પહોળાઈ 56 ઈંચ છે. નગારું બનાવવા પાછળ 25 લાખ જેટલો ખર્ચ થયો છે. દરિયાપુરના ડબગરવાડનો અખિલ ભારતીય ડબગર સમાજ દ્વારા આ ભવ્ય નગારું રામ મંદિરને ભેટમાં અપાશે. વડોદરામાંથી રામભક્તો અને ગોપાલક સમાજના આગેવાનોએ બનાવેલી 108 ફૂટ લાંબી અગરબત્તી, 1100 કિલો વજનનો ભવ્ય દીવો અને પિત્તળની તકતીઓ પણ અયોધ્યા મોકલવામાં આવી છે.વડોદરાથી 108 ફુટની સૌથી મોટી અગરબતી અયોધ્યા રામ મંદિર માટે મોકલવામાં આવી છે. વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેલા વિહાભાઈ ભરવાડે આ અગરબતી તૈયાર કરી છે.વડોદરાના ભાયલીમાં રહેતા રામ ભક્ત અરવિંદભાઈ પટેલ દ્વારા રામ મંદિર માટે 1100 કિલોનો દીવો બનાવમાં આવ્યો છે. 22મી જાન્યુઆરીએ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન આ દીવો પ્રગટાવવામાં આવશે. આ દીવો 9 ફુટ ઉંચો અને આઠ ફુટ પહોંળો છે અને તેમાં 15 કિલોની રૂની દિવેટ પ્રગટાવવા ચાર ફુટની મશાલ તૈયાર કરવામાં આવી છે.અયોધ્યાના રામ મંદિર માટે મીઠાપુરના પરિવાર દ્વારા ખાસ 13 ગજની ધજા તૈયાર કરવામાં આવી છે. આ ધ્વજા ખાસ અમદાવાદમાં તૈયાર કરાઈ છે.અમદાવાદમાં જય ભોલે ગ્રુપ દ્વારા 'અજય બાણ' નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બાણ પાંચ ફૂટ લાંબુ અને 11.5 કિલોગ્રામ વજનનું છે. આ બાણને સોનુ, ચાંદી, પિત્તળ, તાંબુ, લોખંડ જેવી પાંચ ધાતુમાંથી બનાવવામાં આવ્યું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ભારત વિરૂદ્ધ...

૨૬ કરી રહ્યા છે. માલદીવના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે સરકાર વિદેશી નેતાઓ વિરુદ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'અપમાનજનક ટિપ્પણીઓ'થી વાકેફ છે અને તેમના વ્યક્તિગત મંતવ્યો માલદીવની સરકારની સ્થિતિનું પ્રતિનિધિત્વ કરતા નથી.

તેમાં કહેવામાં આવ્યું છે કે સરકાર માને છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ લોકતાંત્રિક અને જવાબદાર રીતે થવો જોઈએ.

માલદીવના પૂર્વ પ્રમુખ ઈબ્રાહીમ મોહમ્મદ સોલિહે માલદીવના મંત્રીઓ દ્વારા ભારત વિરૂદ્ધ 'ધૃણાની ભાષા'નો ઉપયોગ કરવાની ટીકા કરી હતી. ભારત હંમેશાંથી માલદીવનો સારો મિત્ર રહ્યો છે, અને આવા કઠોર નિવેદનોથી આપણા બે દેશો વચ્ચેની જૂની મિત્રતા પર નકારાત્મક અસર નાંખવી જોઈએ નહીં. આવા જ નિવેદનો વિરોધ પક્ષના અન્ય નેતાઓએ પણ કર્યા હતા.

### કોરિયન ક્ષેત્રમાં ભારે...

પુષ્ટી કરી હતી કે તેણે કાંઠાકીય આર્ટીલરી સિસ્ટમનો ઉપયોગ સૈન્ય કવાયત કરવા કર્યો હતો. આ ડ્રીલ તેના સૈન્ય પ્રશિક્ષણનો ભાગ છે અને તેણે દાગેલા બોમ્બની દિશા એવી ન હતી કે દક્ષિણ કોરિયાને કોઈ નુકસાન પહોંચાડે.

શુક્રવારે ઉત્તર કોરિયાએ આશરે 200 બોમ્બ છોડ્યા હતા. દક્ષિણ કોરિયાએ એવો દાવો પણ કર્યો હતો કે ઉત્તરે શનિવારે 60 રાઉન્ડથી વધુ તોપમારો કર્યો હતો, પણ તેના હરીફે આ દાવાને નકારી કાઢયો હતો.

કિમ યો જોંગે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયાની સૈન્યની શોધ ક્ષમતાને ચકાસવા માટે શનિવારે દરિયા કિનારે તેના દરિયાકાંઠાના આર્ટિલરીના અવાજનું અનુકરણ કરતા માત્ર બ્લાસ્ટિંગ પાવડરનો વિસ્ફોટ કર્યો હતો. અમારી અપેક્ષા મુજબ તેઓએ વિસ્ફોટના અવાજને તોપમારાના અવાજ તરીકે ખોટો અંદાજ લગાવ્યો અને તેને ઉશ્કેરણીજનક તોપમારો માન્યો હતો.'

### અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય...

ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ની ૧૦મી આવૃત્તિનો આવતા અઠવાડિયેથી પ્રારંભ થઈ રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ વિશે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને પીએમ નરેન્દ્ર મોદીએ ઉત્તરાયણના લોકપ્રિય પતંગ પર્વને આગવા વિઝન સાથે વિશ્વખ્યાતિ અપાવીને દર વર્ષે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ મનાવવાની દિશા આપી છે. આજે ગુજરાતનો આ પતંગ મહોત્સવ વિશ્વભરમાં જાણીતો બન્યો છે. દેશ-વિદેશમાંથી પતંગબાજો દર વર્ષે આ લોકપ્રિય ઉત્સવમાં ભાગ લેવા ઉમટે છે, એ આ ઉત્સવની સફળતાની સાબિતી આપે છે. વડાપ્રધાનનું 5T નું વિઝન છે. 5T એટલે કે Talent(ટેલેન્ટ), Tradition(ટ્રેડિશન), Tourism(ટૂરીઝમ), Trade (ટ્રેડ) અને Technology (ટેક્નોલોજી)ના વિનિયોગ થકી ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનું આગવું વિઝન આપેલું છે. વડાપ્રધાનશ્રીના આ વિઝનને સાર્થક કરવા આપણે જનભાગીદારીથી ઉત્સવની ઉજવણીના તમામ આકર્ષણોમાં 5 T જોડીને વિકાસની નવી કેડી કંડારી છે.

ગુજરાતના પતંગ ઉદ્યોગની વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતનો પતંગ વ્યાપાર ઉત્તરોત્તર વધતો જાય છે. ૪૦ ટકાના હિસ્સા સાથે ગુજરાત દેશનું સૌથી મોટું પતંગ ઉત્પાદક બજાર બન્યું છે. આ સાથે આજે પતંગનો વ્યાપાર શ્રમજીવીઓનો એક આધાર પણ બન્યો છે. આજે એક પતંગ પાછળ ઘણા બધા લોકોને રોજગારી મળી રહી છે. પતંગની સાથે દોરી, ફિરકી, ગુંદરપટ્ટી, તલસાંકળી અને ઊંધિયું સુધીના તમામ વ્યાપાર સંકળાયેલા છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૪ આગામી ૭થી ૧૪ જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, વલ્લભસદન ખાતે યોજાઈ રહ્યો છે. જેમાં ૫૫ દેશોના ૧૫૩ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૨ રાજ્યોના ૬૮ રાષ્ટ્રીય પતંગબાજો, ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજોએ ભાગ લીધો છે. આ પતંગબાજો વિવિધ આકારના પતંગો આકાશમાં ઉડાવીને આકર્ષણ જમાવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ શહેરો અને પ્રવાસન સ્થળોએ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૮ જાન્યુઆરીએ વડોદરા, ૯ જાન્યુઆરીએ એકતાનગર અને દ્વારકા, ૧૦ જાન્યુઆરીએ સુરત અને રાજકોટ, ૧૧ જાન્યુઆરીએ ધોરડો અને વડનગર, ૧૨ જાન્યુઆરીએ નડાબેટ ખાતે પણ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

### આંતરરાષ્ટ્રીય પતંગ...

સિક્કિમ, તમિળનાડુ, તેલંગાણા અને ઉત્તરપ્રદેશ વગેરે રાજ્યોના સ્પર્ધકો પતંગ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. જયારે ગુજરાતના 23 ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજો સહભાગી થયા છે જેમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભરૂચ, ભાવનગર, કચ્છ, બોટાદ, ગાંધીનગર, જસદણ, જૂનાગઢ, ખેડા, લુવારા, મોટા ભાડિયા, નવસારી, ઓડ, પાટણ, રાજકોટ, રાણપુર, સાબરકાંઠા, સાવરકુંડલા, સુરત, થાનગઢ અને વડોદરાના સ્પર્ધકોનો સમાવેશ થાય છે.

### હવાઈ દળના...

**ઠંડી વચ્ચે રાત્રીના અંધકારમાં વિમાન માટે ઉતરાણ કરવાનું ખૂબ મુશ્કેલ હોય છે. આવા સંજોગોમાં મહાકાય હરક્યુલસ વિમાને સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને મોટી સિધ્ધી હાસલ કરી છે અને આનાથી હવે આ ક્ષેત્રમાં વિમાનોનું પરિચાલન કરવાનું અને પાકિસ્તાનને વધુ ટક્કર આપવાનું શક્ય બનશે.**

### બોલિવુડ સેલિબ્રિટીઓ...

સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હતો. રાજદ્વારી વિવાદ ત્યારે ઉભો થયો જ્યારે માલદીવના મંત્રીએ ભારત પર તેમના દેશને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો અને દાવો કર્યો કે ભારતને બીચ ટુરીઝમમાં માલદીવ સાથે સ્પર્ધામાં પડકારોનો સામનો કરવો પડ્યો છે. જવાબમાં, ભારતીય સેલિબ્રિટીઓ લક્ષદ્વીપની વૈવિધ્યસભર અને મોહક સુંદરતાનું વર્ણન કર્યું હતું. અક્ષય કુમારે પોસ્ટ કરી કહ્યું હતું, 'માલદીવની અગ્રણી જાહેર વ્યક્તિઓએ ભારતીયો પર દ્વેષપૂર્ણ અને જાતિવાદી ટિપ્પણીઓ કરી છે. આશ્ચર્ય થયું કે તેઓ એક એવા દેશ સાથે આવું કરી રહ્યા છે જ્યાંથી તેમને ત્યાં મહત્તમ સંખ્યામાં પ્રવાસીઓ જાય છે. શા માટે આપણે આવી બિનઉશ્કેરણીજનક નફરતને સહન કરવી જોઈએ? ગૌરવ પહેલા. ચાલો આપણે ભારતીય દ્વિપો ને એક્સપ્લોર કરવાનું નક્કી કરીએ અને આપણા પોતાના પર્યટનને ટેકો આપીએ.' બોલિવુડના અન્ય સ્ટાર સલમાન ખાન, શ્રદ્ધા કપૂર અને જહોન અબ્રાહમે પણ લક્ષદ્વીપમાં આતિથ્ય સત્કાર અને દરિયાઈ સુંદરતા અને જીવનની પ્રશંસા કરી હતી.

## ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત **શંકરલાલ મંગતરામ**ની માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે અને જેઓ પાસેથી સદરહું મીલકત **રુચિ પ્રતીક રાઠી**એ વેચાણથી રાખવાનું નકકી કરેલ છે અને તેઓએ હમો કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે અને તેઓએ સદરહુ મીલકત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નકકી કર્યુ છે. પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજ તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે જેથી સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત પુરાવા સહીત જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને હમારા અસીલ સદરહુ મીલકત ઈકવીટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મીલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**ખોવાઈ ગયેલ દસ્તાવેજોની વિગત**

વેચાણ દસ્તાવેજ નં.૧૦૧૦(૫૮૮૧), તા.૩૧.૦૧.૨૦૦૪(૦૪.૦૮.૨૦૦૩) તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.

**-: મીલકતની વિગત :-**

જીલ્લો સુરત, તાલુકો ચોર્યાસી હાલ તાલુકા સુરત સીટી શહેર સુરતનાં મોજે ઉમરાના જુના રે.સ.નં.૧૫૩/૧ જેનો હાલ રેવન્યુ રેકર્ડ મુજબ રે.સ./બ્લોક નં.૧૫૩/૧ પૈકી /૧૧૦/એ–ઈ, ટી.પી સ્કીમ નં.૪(ઉમરા સાઉથ)નાં ફાઈનલ પ્લોટ નં.૧૧૦ પૈકી પ્લોટ નં.૩ જમીન ઉપર આયોજીત **"સ્વીટ હાઉસ"** ના નામથી ઓળખાતી યોજનામાં આવેલ **"શ્રી ગીરધર એપાર્ટમેન્ટ"** ના બીજા માળે આવેલ ફલેટ નં.૨૦૪ વાળી મિલ્કત જેનું બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૮૭.૦૭સ.ચો.મી. વાળી મિલકત સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત.

ઓફિસ નં. ૪૬૯, ચોથા માળે, ધી ગેલેરીયા શોપીંગ હબ, સંજીવકુમાર ઓડિટોરીયમની પાસે, ૩૭૦ કીચન રેસ્ટોરન્ટની સામે, પાલ, સુરત. મો.૯૮૭૯૦૮૦૦૧૧

**અશ્વિન નવિનભાઈ પટેલ**
એડવોકેટ

## મોજે લાજપોર, બ્લોક નં. ૨૩૫ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લોઃ સુરત, તાલુકાઃ ચોર્યાસી, મોજે **લાજપોર** ગામના **સર્વે/બ્લોક નં. ૨૩૫,** જેનો જુનો સર્વે નં.૨૪૦ વાળી જુની શરતની ખેડખાતાની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ **હેકટર ૦-૭૭-આરે-૯૦ ચો.મી.** અને આકાર રૂા.૧૦-૫૬ પૈસા છે, જેનો ખાતા નં. ૮૧૪ છે જે જમીન અંગે **વકીલશ્રી હરિકેશ આર. ગુપ્તા** તથા **સુનીતાબેન એન. ગોટાવાલા** નાઓએ **તા. ૦૪/૦૧/૨૦૨૪** નાં રોજ **ગુજરાતમિત્ર** દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ વેચાણ અંગેની જાહેર નોટીસ તદન ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. સદરહુ જમીનમાં મારા અસીલો (૧) **યુસુફ ઈબ્રાહીમ કાકા પટેલ** (૨) **સુગરાબીબી ઈબ્રાહીમ કાકા પટેલ** (૩) **સુમૈયા ઈબ્રાહીમ કાકા પટેલ** (૪) **સાયમા ઈબ્રાહીમ કાકા પટેલ** નાઓનો વણ-વહેંચાયેલ હિસ્સો ચાલી આવેલ છે. જે વણ-વહેંચાયેલો હીસ્સો મારા અસીલોએ કોઈને વેચાણ કરવાનું નકકી કરેલ નથી કે હાલ કોઈને વેચાણ કરવા માંગતા પણ નથી. સદરહુ જમીનમાં તમામ જમીન માલિકોનો સંયુકત કબજો, ભોગવટો, વહીવટ ચાલી આવેલ છે. આથી જાહેર જનતાએ ખાસ નોંધ લેવી કે મારા અસીલોની લેખિત જાણ, સંમતિ વિના કોઈએ પણ સદરહુ જમીન ખરીદ કરવી કે નાણાંકિય લેવડ-દેવડ કરવી કે કોઈ લખાણો કરવા નહીં. અન્યથા તેઓને કોઈપણ પ્રકારના હકક, અધિકાર પ્રાપ્ત થશે નહીં. બલ્કે કોર્ટના પ્રકરણોમાં સામનો કરવો પડશે. વધુમાં આવી જાહેર નોટીસમાં સદરહુ જમીન મારા અસીલોએ વેચાણ આપવાનું નકકી કરેલ હોવાનું દર્શાવેલ છે તે મતલબના પુરાવાઓ **દિન-૭** માં રજીસ્ટર્ડ એ.ડી. થી મારા નીચે જણાવેલ સરનામે મોકલી આપવા ઉપરોકત વકીલશ્રીઓને આથી નોટીસ આપવામાં આવે છે.

ઓફિસઃ ૫૬-૫૭, એ-વિંગ, રીવર પેલેસ, બહુમાળી બિલ્ડીંગની પાસે, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧

**જનક એચ. ટાલિઆ**
તે યુસુફ ઈબ્રાહીમ કાકા પટેલ વિગેરેના એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ : ખંભાસલાના બ્લોક નંબર : ૯૪/બ, ખાતા નંબર : ૧૫૨, વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૫૨-૭૭, આકાર રૂ. ૨૨.૦૩ વાળી જમીન જે આજરોજ વેચાણ આપનાર નામે ૧. હંસાબેન ભરતભાઈ પટેલ, ૨. રાકેશભાઈ ભરતભાઈ પટેલ, ૩. ધર્મેશભાઈ ભરતભાઈ પટેલ, તમામ રહેવાસી : પટેલ ફળિયું, ખંભાસલા, ઉધના, સુરત, જિ. સુરતનાંએ તેઓની સ્વતંત્ર માલીકીની ઉપરોકત જણાવેલ ખેતીની જમીન મારા અસીલને વેચાણથી આપેલ છે જેથી સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમારા નીચે જણાવેલ સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતાં સદરહું જમીનમાં તેવો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો કર્યો છે તે જાણી આ નોટીસની મુદત વિત્યે મારા અસીલ સદર જમીનનો રજીસ્ટ્રર વેચાણનો પાકો દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં તેની નોંધ લેશો.

તારીખ : ૦૮/૦૧/૨૦૨૪
સ્થળ : સુરત

**કિંજલ આર. સવાણી**
તે ખરીદનારના એડવોકેટ
ઓફીસ : ૧૦૭–૧૦૮,શુભમ કોમ્પલેક્ષ, આનંદ હોસ્પિટલની ગલીમાં, પોર મહોલ્લો, નાનપુરા, સુરત.

## શહેર સુરતના મોજે નાના વરાછા મુળ સર્વે નં. ૮૦/૨, બ્લોક નં. ૧૩૫ ટી.પી. સ્કીમ નં. ૨૦ ના મુળ ખંડ-૨૧, અંતીમ ખડ-૨૯ની સુમારે ૫૨૫૪ ચો.મી. જમીન સંદર્ભે

### જાહેર ચેતવણી

શહેર સુરતના મોજે **નાના વરાછા**ના મુળ સર્વે નં. **૮૦/૨**, બ્લોક નં. **૧૩૫** ટી.પી. સ્કીમ નં. ૨૦ ના મુળ ખંડ-૨૧, અંતીમ ખંડ-૨૯ ની સુમારે ૫૨૫૪ ચો.મી. જમીન અમો **સ્વ. કાંતીભાઈ નાનુભાઈ પટેલ** અને **સ્વ. રતીલાલ નાનુભાઈ પટેલ**ના વારસદારોની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટાની જમીન નામ. સીવીલ કોર્ટ અને નામ. એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ, સુરત સાહેબના હુકમોથી સમર્થીત ચાલી આવેલ છે. અને તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સરકારશ્રી દ્વારા કરેલ સેકન્ડ અપીલ નં. ૨૧૦/૨૦૧૦ થી થયેલ અને અપીલ પેન્ડીંગ છે. અમારી આ જમીન સંદર્ભે કેટલાક અનઈચ્છનીય ઈસમો અને દલાલો, બીનઅધિકૃત રીતે અમો જમીન વેચાણ કરવા માંગતા હોવાનો અપપ્રચાર કરતા હોવાનું અમો જણાયુ છે. અમારા અગ્રજો અને અમોએ અમારી આ જમીન સંદર્ભે ની કાનુની કાર્યવાહીઓ કરવા માટે **શ્રી ધીરૂભાઈ પ્રેમજીભાઈ ઉકાણી**ને અધિકૃત કરેલા તે સીવાય અન્ય કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારના અધિકારો કયારે આપેલ નથી કે તેવુ વર્તન પણ કરેલ નથી. તેમ અન્ય કોઈપણ ઈસમ સાથે આ જમીન સંદર્ભે કોઈપણ પ્રકારના વ્યવહાર કે તે પ્રકારનું વર્તન કરેલ નથી. આમ છતાં કેટલાક લેભાગુ ઈસમો જાહેર જનતાને ગેરમાર્ગે દોરી જમીન વેચવા ફરતા હોવાનું પણ અમારી જાણમાં આવેલ છે. તેથી આવા કોઈપણ ઈસમો, દલાલો યા અજ્ઞાત ઈસમો સાથે અમારી માલીકી કબજા ભોગવટા વાળી ઉપરોક્ત જમીન અંગે કોઈએ કોઈપણ વ્યવહાર કરવા કરાવવા નહીં. તે છતાં જો કોઈ વ્યક્તિ આવા બીન અધિકૃત વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે કરાવશે, તો આવા ગુનાહીત કૃત્યો માટે તેમ કરનાર યા કરાવનાર સામે ફોજદારી રાહે પગલા ભરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત, **પ્રવિણ પી. દેવમુરારી**
એડવોકેટ
ઓફીસ :
૩૦૪, તુલસી આર્કેટ, લાલદરવાજા, સ્ટેશનરોડ, સુરત.

Prakash Patel
પ્રકાશ કાંતીભાઈ પટેલ

ચિરાગ રતીલાલભાઈ પટેલ